વોઇસ ઓફ ઘાટકોપર

9022279684 | www.facebook.com/1voiceofghatkopar | Email : voiceofghatkopar@gmail.com

વર્ષ : ૯ ● અંક : ૨૫ ● સળંગ અંક : ૩૫૭ ● મુંબઈ ● શુક્રવાર ● તા. ૨૧ જુલાઈ – ૨૭ જુલાઈ ૨૦૧૭ ● પાના : ૮ ● કિંમત રૂા.૨

ઘાટકોપરમાં મહાનગર પાલિકાની અનધિકૃત નિર્માણો વિરુદ્ધ વધુ એક કાર્યવાહી

મનપા દ્વારા ઘાટકોપર હિંગવાલા લેનમાં ફેરીવાળાઓ પર હથોડો ઝીંકાયો તેનો વિવાદ હજૂ સમ્યો નથી ત્યા સાંઈનાથ નગર ઘાટકોપર વેસ્ટ ખાતે ગુરુવાર તા.૨૦ જુલાઈના સવારે ભાજી ગલીના અમૂક અન ધિકૃત નિર્માણો પર કાર્યવાહી કરી તે તોડી પાડવામાં આવ્યા હતા.

સ્થાનિકોમાં આ અંગે રોષ પ્રવૃર્તતો જોવા મળ્યો હતો. તેનું કારણ વર્ષો પહેલા જે ફેરીવાળાઓ બેઠા છે તેનાથી વધુ ફેરીવાળાઓ સાંઈનાથ નગરમાં બેસે છે તેના વિરુદ્ધ મનપા કાર્યવાહી કરે તે જરૂરી છે, હાલમાં કરાયેલ કાર્યવાહી ફેરીવાળાઓ વિરુદ્ધ લેવાયેલ પગલા માટે કેટલા સ્તરે સફળ સાબિત થશે તે તો સમય જ કહેશે એમ એક રહેવાસીએ જણાવ્યું હતું.

દરેક જાતના મ્યુઝિકલ પ્રોગ્રામ માટે...

- સંગીત સંધ્યા
- લગ્નગીત
- મહેંદી
- દાંડિયા રાસ
- પ્રાર્થના/ભજન
- ઈન્સ્ટ્રુમેન્ટલ

ભક્તિ આસાની (Radio Artist)
9821550829 · 022-67989592
Website : www.bhaktiasani.com

SALE
15th to 23rd July
10 to 50% Discount on Ready Stock
Exclusive range of Sarees, Bandhanis, Borders, Dupattas & Blouses
ज्योति
Silk Saree Emporium
28, Gani Mansion, Shop No.1, Behind Arora Cinema
Matunga (C.R.), King Circle, Mumbai - 400 019.
Tel. : 24043995
P.S. Sunday Open During Sale

INTERNATIONAL INSTITUTE OF FASHION DESIGN

FASHION DESIGN
INTERIOR DESIGN

ADMISSIONS OPEN

- ✓ Affordable Fee Structure
- ✓ 100% Placements
- ✓ SATURDAY-SUNDAY batches available.

GHATKOPAR
INIFD
The Cradle of Designers
PREMIUM CENTRE

LCT LONDON SCHOOL OF TRENDS | BAC BRITISH ACCREDITATION COUNCIL | INIFD Academy of Interiors Interior Design Specialisation

* Govt. Recognized *
Degree, Diploma & Masters Courses Available

Create Your Own Style... Let It Be Unique For Yourself & Yet Identifiable for Others.
- Anna Wintour

3rd Floor, Sanghvi Square, Above HDFC Bank, Near Metro Station, M.G. Road, Ghatkopar (W), Mumbai 400086

We also have our branch at Vashi

Mobile : 8433777788
www.inifdghatkopar.com
Ph. : 022-65031999/65037999
inifd.ghatkopar@gmail.com

ક્લાસિફાઈડ્સ

મનોરંજન

કોઈપણ જાતના મ્યુઝીકલ પ્રોગ્રામ માટે **વર્ષા ઠક્કર** અને **ચેતન સરવૈયા સંપર્ક : 9619696591, 9869359017** બીન-વારીસની પ્રાર્થના, સંગીત ટોટલી ફ્રી કરી આપવામાં આવે છે(6116)

જગ્યા સંબંધી

ભાડાનાં સ્પેશિયાલીસ્ટ
ઘાટકોપરથી ચેમ્બુરમાં રેસીડેન્શીયલ/કમર્શિયલ રૂ.૧૮,૦૦૦થી રૂ.૧,૫૦,૦૦૦ સુધી આપવા લેવા માટે
ચિંતન દેસાઈ
શ્રી મહાલક્ષ્મી રીઅલટર્સ
9321234567

નોકરી સંબંધી

હાઉસિંગ, બિઝનેશ, મોર્ગેજ, ગાડી, નોકરી. સેલેરી ૧૨,૦૦૦. ગ્રામ પંચાયત, સિવીલ - No Advance : **82864 77706.** (6138)

EARN fix Sal. upto 30,000 pm + pf + incentive + foreign trips + medical. Age 30 to 75 retd / vrs/ self empl/teachers/ bankers. **9820224461.** (6139)

શૈક્ષણિક

Talent Mantra Ghatkopar (East)
ABACUS, Hand Writing Art & Craft, Drawing, Calligraphy, Vedic Maths, Career Counseling, DMIT Mid Brain Activations. **Contact : 9987259335** (CH-6119)

ધંધાદારી

DAYAL PHOTO
Photography & Videography
Dhananjay
Email: dhananjay.photo@gmail.com
Cell: 9619241212

We Provide Office Stationary Printing Like Visiting Cards, Letter Head Envelops, Bills, Challan, Voucher etc... **Contact : Chintan Graphics: 25084463/ 64/65, 9821154326**

ગ્રાફીક ડિઝાયનીંગ તથી ડી. ટી.પી.મલ્ટીકલર કેટલોગ, ફ્લાયર, પોસ્ટર, કમ્પ્યુટર સ્ટેશનરી, ઓફિસ સ્ટેશનરી, વિજીટીંગ કાર્ડ, લેટર હેડ, એનવેલપ, બીલ, ચલન તથા દરેક જાતના ગુજરાતી, હિન્દી, મરાઠી તથા અંગ્રેજીમાં ગ્રાફીક ડિઝાયનીંગ તથા ડી. ટી.પી.નું કામ વ્યાજબી ભાવે ત્વરીત કરી આપવામાં આવશે. **ચિંતન ગ્રાફિક્સ** - ઘાટકોપર (ઈસ્ટ) : **98211 54326, 9833664426**

ધંધા માટે લોન
રૂ.૫૦,૦૦૦થી શરૂ
નવો વ્યવસાય શરૂ કરવા, નવો માલ/યંત્ર/સામગ્રી ખરીદવા, લીધેલો ઓર્ડર પુરો કરવા. ટ્રિનટી વેલ્થકેર - **રોનક શાહ : 9322206534, નીરજ પુરોહિત : 9920043133** (6114)

Computer Class Ghatkopar (East)
MS Office, Tally Rs.1500, Photoshop, Corel Rs. 2000, Autocad Rs. 5000, ICT Rs.3000. **Chintan Sir - 80975 09493** (6125)

ELECTRICIAN & GAS
Do Your Society Need Rewiring Meter Cabin Three Phase Connection. Name Change Electric Mahanagar Gas
Mob.: 9819088826
(6123/372)

વોઈસ ઓફ ઘાટકોપર
IMPORTANT
Telephone Numbers Directory
BMC "N" WARD
Jawahar Road, Ghatkopar (E), Mumbai – 400 077
Phone No 25010161 / 25010165

TEMPORARY SHELTERS

Location	Building Details	Name of Pincipal	Mobile
Jai Maharashtra Ganesh Maidan School, Ghatkopar (W)	G+3 Floors	Mayaprasad Tripathi	9022640867 9969776752
Pant Nagar Marathi School No 3 Ghatkopar (E)	G+3 Floors	Narayani (Principal)Kharat (caretaker)	9769639290 9969332010
Vikhroli Parksite, Urdu School No 3 Ghatkopar (W)	G+3 Floors	Girija Shirashyad	9673846940
Sainath Nagar Marathi	G+3	Mira Chavan	9969032809
School No 2 Ghatkopar (W)	Floors	Nayak (Caretaker)	9594493138
Ramabai Marathi School, No 1 Ghatkopar (E)	G+4 Floors	Vidya Chavre (Principal) sanjay Kadam (Caretaker)	9867870168 8976532827
Barve Nagar Marathi School No 1 Ghatkopar (W)	Ground	Sharayu Mahajan (Principal) Jadhav (Caretaker)	9867186333 9224221923

MUNICIPAL HEALTH FACILITIES

Facility	Location	In-Charge	Office	Mobile
Hospital	Rajawadi Ghatkopar (E)	Dr Vidya Thakur	21024151 21024151 Ext 117	9820477938
	Sant Muktabai Ghatkopar(W)	Dr Sanjaykumar Dolas (CMO)	25126088 25153771	9820999373
Dispensaries	Kirol Ghatkopar (W)	Dr Surekha Gaikwad	-	9004406166
	Sarvoday Ghatkopar (W)	Dr Hema Salve	-	9619480282
	Sainath Nagar Ghatkopar (W)	Dr Avinash Gaikwad	-	9769660448
	Vikhroli Parksite Ghatkopar (W)	Dr Bhavna Naik	-	9004671050 9930999206
	Parsiwadi Ghatkopar(W)	Dr Shruti Hadkar	-	9821382863
	Pantnagar Ghatkopar(E)	Dr Vijay Salve	-	9867909472
	Ramabai Colony Ghatkopar (E)	Dr Suchita Sannaki	-	9869746839
Health	Kirol Ghatkopar(W)	Dr Avhad	-	9762480495

ઘાટકોપર બ્રાહ્મણ સમાજના ટ્રસ્ટી મંડળની (ચાર વર્ષીય) તથા પદાધિકારી / કારોબારી સભ્યોની (દ્વી વાર્ષીક) ચૂંટણી સર્વાનુમતે સંપન્ન

ટ્રસ્ટી મંડળ ૨૦૧૭ થી ૨૦૨૧ તથા પદાધિકારી/ કારોબારી સમિતિ ૨૦૧૭ થી ૨૦૧૯ માટે જેટલા પદો હતાં તેટલા જ ઉમેદવારી પત્રકો ભરતાં ચૂંટણી ટાળી શકાઈ છે. ચૂંટણી પરિણામ સમાજની વાર્ષિક સામાન્ય સભા જાહેર કરવામાં આવ્યું હતું. છેલ્લા ૧૪ વર્ષથી સમાજનું નેતૃત્વ કરનાર પ્રમુખ જ્યોતિન્દ્ર દવેની પેનલને સભામાં બીન હરિફ ચૂંટાયેલ જાહેર કરવામાં આવી હતી.

ટ્રસ્ટી મંડળ (૨૦૧૭-૨૦૨૧) : શશીકાંત કે. સોમપુરા, મનોજ બી. ભટ્ટ, જયંત આર.ભટ્ટ, હરેશ એસ.વ્યાસ, દુર્ગાપ્રસાદ જી. ઉપાધ્યાય, વસંત પી. જોશી, બિંદુબેન સી. ત્રિવેદી.

પદાધિકારી / કારોબારી (૨૦૧૭-૨૦૧૯) : જ્યોતિન્દ્ર જે. દવે (પ્રમુખ), હસમુખ જે. રાવલ (ઉપપ્રમુખ), પ્રવિણ એમ. ઠાકર (ઉપપ્રમુખ), કમલેશ કે. ભટ્ટ (માનદ્‌મંત્રી), અરવિંદ ડી. ભટ્ટ (માનદ્‌મંત્રી), કિશોર આર. ભટ્ટ (ખજાનચી).

કારોબારી સભ્યો : ભરત કે. ભટ્ટ, દિલીપ જે. શુક્લ, મહેશ ડી. મહેતા(રાજગોર), દિપક પી. પંચોલી, ધીરેન એન. ગોર, ઘનશ્યામ એચ. વ્યાસ, ગીરીશ કે. જોશી, જુગલ એ. જોશી, ધ્રુવ એસ. વ્યાસ, વિરેન સી. વ્યાસ, આશાબેન એમ. ભટ્ટ.

પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂ.બહેન શ્રી ચંપાબેનના ૧૦૪માં મહામંગલકારી જન્મોત્સવનું આયોજન

પૂ.બહેન શ્રી ચંપાબેનના ૧૦૪માં મહામંગલકારી જન્મોત્સવનું આયોજન શ્રાવણ વદ-૨, તા.૭-૮-૨૦૧૭થી ૯-૮-૨૦૧૭ના કરવામાં આવ્યું છે. આ ઉત્સવમાં પંચ પરમેષ્ટી વિધાનપૂજા, પૂ.બહેનશ્રી ચંપાબેનનો ૧૦૪ જન્મદિવસનો કાર્યક્રમ સવારે ૬.૩૦ થી ૮.૦૦ શ્રી જિનેન્દ્ર અભિષેક તથા પંચ પરમેષ્ટી, ૮.૩૦ થી ૯.૩૦ પૂ.ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન, ૯.૩૦ થી ૯.૪૦ પૂ.માતાજીની ભક્તિ વગેરે અનુષ્ઠાનો યોજાશે.

શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ-હિંગવાલાના આંગણે

વિરલપ્રજ્ઞા પૂ. શ્રી વીરમતીબાઈ મહાસતીજી આદિ મહાસતીજીઓના સાંનિધ્યે ચાતુર્માસ મંગલપ્રવેશના પ્રથમ દિવસથી જ આધ્યાત્મિક આરાધનાઓ

આ સપ્તાહનું વિશેષ અનુષ્ઠાન : પુણિયા શ્રાવકની સામાયિક અમૂલ્ય સાધનાની અમૂલ્ય તક

એક સામાયિકની સાધના નરક ગતિનું નિવારણ કરે, દેવગતિના આયુષ્યનો બંધ કરાવે; એટલું જ નહીં; એક સામાયિકની સાધના કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરાવે.

એવી અમૂલ્ય બે સામાયિકની સામૂહિક સાધના...

તા. ૨૩-૭-૧૭ના રવિવારે ૯.૩૦થી ૧૧.૩૦ વાગ્યે સૌએ સામાયિકના ઉપકરણ સાથે સફેદ ડ્રેસમાં આવવું જરૂરી છે.

પૂ. મહાસતીજી સામાયિકની શાસ્ત્રીય સમજ પ્રયોગાત્મક સ્વરૂપ સમજાવશે.

ભાઈઓ-બહેનોએ લાભ લેવા વિનંતી.

ચાતુર્માસ અવસરે ધર્મ પામીએ અને ધર્મ પમાડીએ.

આપ પણ આવશો અને અન્યને પણ આવવાની પ્રેરણા કરશો.

સ્થળ : વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ-હિંગવાલા હિંગવાલા લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ.

દરરોજ સવારે ૯:૩૦ - ૧૦ નવદીક્ષિત મહાસતીજીઓ દ્વારા કર્મપ્રકૃતિની સમજ

દરરોજ સવારે ૧૦ - ૧૦:૩૦ વડીલ મહાસતીજીઓ દ્વારા મનનીય પ્રવચનધારા

દરરોજ સવારે ૧૦:૩૦ - ૧૧ શ્રી અનુયોગદ્વાર સૂત્ર - આગમ વાંચના

દર રવિવારે ૧૦ વાગ્યે બાલ સંસ્કાર શિબિર

દર રવિવારે ૧૦ વાગ્યે યુવા સંસ્કાર શિબિર

શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ-હિંગવાલામાં ચાતુર્માસ અર્થે વિરલપ્રજ્ઞા પૂ. શ્રી વીરમતીબાઈ મ., પૂ. શ્રી બિંદુબાઈ મ., ડૉ. પૂ. શ્રી આરતીબાઈ મ., પૂ. શ્રી સુબોધિકાબાઈ મ., પૂ. શ્રી પરમ પવિત્રાજી મ., પૂ. શ્રી પરમ દિવ્યતાજી મ., પૂ. શ્રી પરમ કૃપાજી મ., પૂ. શ્રી પરમ આમન્યાજી મ., પૂ. શ્રી પરમ ઋજુતાજી મ., પધારતાં સંઘમાં અનેરો ઉલ્લાસ છવાયો છે.

ચાતુર્માસના પ્રથમ દિવસથી જ વિવિધ આરાધનાઓ, પ્રવચન, શિબિર આદિમાં અનેક ભાવિકો ઉત્સાહથી લાભ લઈ રહ્યા છે.

પ્રવચન : દરરોજ સવારે રાઈટ ૯:૩૦ વાગ્યે નવદીક્ષિત મહાસતીજીઓ દ્વારા પ્રેક્ટિકલ લાઈફમાં કર્મની સમજનો ઉપયોગ કેવી રીતે હિંસાના પાપથી બચાવે છે, પુણ્યનું ઉપાર્જન કરાવે છે અને કર્મોનો ક્ષય કરાવે છે એની સરળ ભાષામાં સમજ આપે છે; જે યુવાવર્ગને હાર્ટ ટચ થાય છે.

દરરોજ સવારે ૧૦ વાગ્યે પૂજ્ય શ્રી વડીલ મહાસતીજીઓ આત્મકલ્યાણકારી પ્રવચનધારા ફરમાવે છે અને ભાવિકો ભાવથી શ્રવણ કરે છે.

આગમ વચનામૃત : દરરોજ સવારે ૧૦:૩૦થી ૧૧:૩૦ જૈન દર્શનના ઉપદેશ ગ્રંથ આગમમાં ભગવાન મહાવીરે કેવળજ્ઞાનમાં જે જોયું અને જાણ્યું અને જગત જીવોના કલ્યાણ અર્થે અનંતી કરુણા કરી અંતિમ દેશના રૂપે પ્રરૂપ્યું એ સત્ય વચનોનું, એ અમૃત વચનોનું, એ અમૃતતુલ્ય આત્મહિતકારી વચનોની વાંચનામાં પણ આત્મકલ્યાણનાં ઇચ્છુક ધર્મપ્રેમી શ્રાવક-શ્રાવિકાઓ અહોભાવપૂર્વક લાભ લે છે. ડૉ. પૂજ્ય શ્રી આરતીબાઈ મ. શ્રી અનુયોગદ્વાર સૂત્ર પર વાંચના ફરમાવે છે.

બાલ સંસ્કાર શિબિર : આજનાં બાળકો ભવિષ્યના આદર્શ શ્રાવક અને પ્રભુના ઉપાસક છે, પણ કાળ પ્રમાણે અત્યારે તેમનામાં જિજ્ઞાસા સાથે ચંચળતા પણ હોય છે. તેમને જ્યારે તેમની રુચિ પ્રમાણેનું મળે ત્યારે તેઓ ખૂબ જ ઈન્ટરેસ્ટથી એને ગ્રહણ કરે છે. બાળકોમાં જૈનત્વના સંસ્કાર અને મૉરલ વૅલ્યુઝનું સિંચન કરવા આયોજિત દર રવિવારે સવારે ૧૦ વાગ્યે બાળસંસ્કાર શિબિરમાં તેમને આર્ટ ઑફ વૉકિંગ, આર્ટ ઑફ ઈટિંગ, સ્ટોરી ટેલિંગ, હાઉ ટુ ડુ સ્માર્ટ વર્ક ને વિવિધ ગેમ્સ, ક્વિઝ અને પઝલ્સના માધ્યમથી રમતાં-રમતાં શીખવવામાં આવે છે.

Inspired by Rashtrasant Pujya Gurudev Shree Namramuni Maharaj Saheb

In Sanidhya of

Viralpragna Pujya Veermatibai Mahasatiji

and Navdikshit Mahasatijis

YUVA SHIBIR

Participate in the **2nd Chapter**

UPCOMING

July 23rd 2017

JAINISM

Become the **best** version of **Yourself** with self reflective **practical experiments** and a logical knowledge exchange with young and educated **Navdikshit Mahasatijis**

A Way of Life

• **Understand the 'WHY' behind everything that you do.** • What is the science behind Jainism? • **How does Vandana help me grow in life?** •How does Kausagg balance my inner energies? •**Why is Mangalik a source of positivity and good luck?** • How to be HAPPY in difficult situations?

Last Shibir on July 16th 2017

INNER VOICE

Your True Guide

(Key Highlights)

• **When the heart and mind conflicts, listen to your Inner Voice** • Suggestions can come from all, but decision must always be yours • **To activate your Inner Voice, connect with those who have activated theirs!** • Introduction to Bhagwan Mahavir - A Super Scientist who activated his Inner Voice

Time: 10:00 A.M. /AGE : 15 - 40 yrs

----------*Followed by Gautam Prasad*----------

Venue: **Divine Satsang Hall, 1st Floor**

Shree Vardhaman Sthanakvasi Jain Shravak Sangh

Hingwala Lane, Ghatkopar (E)

અરેના ગ્રાન્ડ બેન્કવેટ મુલુંડ થી પરેલ સુધીનો સૌથી મોટો બેન્કવેટ હૉલ બેસ્ટ કનેક્ટીવીટી, બેસ્ટ સર્વિસ, પ્યોર વેજ તથા વિશાળ પાર્કિંગ

અરેના ગ્રાન્ડ બેન્કવેટ' કોઈપણ પ્રસંગ ઉજવવા માટેની ઉત્તમ સગવડ સાથે બનાવવામાં આવેલો એક વૈભવશાળી હૉલ છે. અહીં તમે એકસાથે ૨૦૦૦થી પણ વધુ લોકો હોય તેવા પ્રસંગ પણ કરી શકો છો. આજે જોવા જઈએ તો મલુંડ થી લઈને પરેલ સુધી આટલો મોટો હૉલ ક્યાંય નથી એની સાથોસાથ અહીં આજના સમયની જે સૌથી મોટી જરૂરીયાત છે એ 'પાર્કિંગ' પણ અહીં સરળતાથી મળી શકશે કારણે કે આ હૉલમાં આવેલા મહેમાનો માટે ૨૫૦થી વધુ કાર પાર્ક થઈ શકે તેવી સગવડ પણ આ બેન્કવેટમાં છે.
અત્યારે મુલુંડ થી પરેલ સુધીમાં ઘણા બધા હૉલ આવેલા છે પણ આજની તારીખમાં કોઈના ઘરમાં પ્રસંગ હોય તો મહેમાનોની સંખ્યા ખૂબ વધુ હોય છે. જેને કારણે લોકોએ પ્રસંગ માટે કોઈ ગ્રાઉન્ડ ભાડે લેવું પડે છે પણ 'અરેના ગ્રાન્ડ બેન્કવેટ' ના થઈ જવાથી ઘણા લોકોની આ સમસ્યાનું સમાધાન મળી ગયું હોય તેમ લાગે છે.

GRAND BANQUETS

બેસ્ટ કેટરર્સ અને ડેકોરેટર્સ

સામાન્ય રીતે કોઈપણ મોટો હૉલ કે ગ્રાઉન્ડમાં મોનોપોલી સિસ્ટમ હોય છે. પણ અહીં લોકોને ચોઈસ મળે એના માટે ખાસ ચાર કેટરર્સ અને બે ડેકોરેટર્સ રાખવામાં આવ્યા છે.

કેટરર્સ

૧) કમલેશ કેટરર્સ,
૨) ગાલા કેટરર્સ,
૩) એમ. એમ. હોસ્પિટાલીટી (મીઠુ મારાજ)
૪) સુવિધા કેટરર્સ

ડેકોરેટર્સ

૧) કુમકુમ ડેકોરેટર્સ
૨) રેન્બો ઈવેન્ટસ

બેસ્ટ કનેક્ટીવીટી :

અરેના ગ્રાન્ડ બેન્કવેટ નો સૌથી મોટો પ્લસ પોઈન્ટ છે કનેક્ટીવીટીનો આ બેન્કવેટ ઘાટકોપરની બાજુમાં છેડા નગર પાસે, આર.બી.કે. ઈન્ટરનેશનલ સ્કુલની પાછળ આવેલો છે. જ્યારે આપણે બેસ્ટ કનેક્ટીવીટીના વાત કરીએ છીએ ત્યારે અહીં થાણા, ઘાટકોપર, મુંબઈ, નવી મુંબઈ એવા કોઈપણ વિસ્તારમાંથી ગણત્રીની મિનીટોમાંજ અહીં પહોંચી શકાય છે કારણે કે આ બધા રૂટ ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને ફ્રિ વે જેવા રોડથી જોડાયેલો છે આ આખા રૂટમાં ક્યાંય પણ ટ્રાફિકની સમસ્યા નડતી નથી.

બેન્કવેટની ક્ષમતા :

અહીં ૬૦૦૦ હજાર સ્કે. ફીટનો એક એવા બે મોટા બેન્કવેટ હૉલ છે જેમાં એક બેન્કવેટ હૉલમાં ૧૦૦૦થી વધુ લોકોનો સરળતાથી સમાવેશ થઈ શકે છે. ફૂલી એરકન્ડીશન વૈભવી ઠાઠમાઠ અને કોઈપણ પ્રસંગની તૈયારી માટે ત્યાં રહેવું હોય તો ૧૦ થી વધુ રૂમો પણ આ બેન્કવેટમાં ઉપલબ્ધ છે, લગ્ન પ્રસંગે માટે વર અને વધૂ માટે અલગ અલગ ગ્રીન રૂમ તો છે જ.

સંપર્ક : **અરેના ગ્રાન્ડ બેન્કવેટ હૉલ પ્રા. લી.,**
ગ્રાઉન્ડ ફ્લોર, યુનિવર્સલ મેજેસ્ટીક, આર.બી.કે. ઈન્ટરનેશનલ સ્કુલની પાછળ, છેડા નગર પાસે, ચેમ્બુર, મુંબઈ-૪૦૦ ૦૪૩.
ફોન : ૦૨૨ ૬૨૩૩૯૯૯૯, મો. : ૭૪૦૦૩૦૮૮૮૮/૭૦૪૫૧૮૧૮૧૮,
Email : bookings@grandbanquetchembur.com,
Website : www.grandbanquetchembur.com

ચંદ્રેશ પારેખની કલમે.... ✍



સંસારને તરવાની કળા

રામકૃષ્ણ પરમહંસદેવે પોતાની સીધીસાદી છતાં અત્યંત અસરકારક ભાષામાં કહ્યું છે કે, ''ફણસને કાપવાથી હાથ ચીકણા થાય છે અથવા ખરડાય છે પરંતુ હાથ ચીકણા ન થાય એને માટે એક સરસ ઉપાય છે. ફણસને કાપતાં પહેલાં હાથે તેલ લગાડી લો એટલે થયું. હાથ ચીકણા નહિ થ ાય અને ફણસ સહેલાઈથી કાપી શકાશે.'' એવી રીતે ઘરગથ્થુ ઉદાહરણ આપીને એમણે ઉપદેશ કર્યો છે. તે પ્રમાણે સંસારમાં રહેનાર માણસને પણ તેની ચીકાશ લાગે છે અથવા એ એનાથી ખરડાય છે. પરંતુ મનને જો ઈશ્વરના પ્રેમરસથી રંગી દેવામાં આવે અને પછી સંસારનો વ્યવહાર કરવામાં આવે, તો એ વ્યવહારથી મન ખરડાય નહિ, એનાથી અલિપ્ત રહે. કડછી જેમ જુદીજુદી જાતની રસોઈ કે ભોજનસામગ્રીમાં ફરે છે તેમ એ રહે ને બધામાં ફરે, પરંતુ કશાનો સંગ એને ન લાગે. કશાની અહંતા, મમતા કે આસક્તિ એને ન થાય. એનો અંતરાત્મા તો કેવળ ઈશ્વરાભિમુખ જ રહે. કડછીની જેમ એ જડ નથી, એટલે વિવિધ પ્રકારના સાંસારિક રસાસ્વાદની એને ખબર તો પડે જ, પરંતુ એ કશાથી લેપાય કે બંધાય નહિ. પોતાના જીવનનું ધ્યેય હંમેશાં એની નજર સામે રહે અને એ ધ્યેયની પ્રાપ્તિ માટે ભરચક કોશિશ કરે.

બહારનો સત્સંગ શરૂઆતમાં સુખદાયક, શક્તિસંચારક કે પ્રેરક થશે એ સાચું છે, પરંતુ છેવટે તો માણસે પોતાની અંદરના સત્સંગનો જ આધાર લેવો પડશે તથા રસ કેળવવો રહેશે. જે પરમસત્યરૂપી પરમાત્મા પોતાની અંદર વિરાજેલા છે અને પ્રેરણા, પ્રકાશ, સ્ફૂર્તિ, સ્ફુરણા કે જીવન આપી રહ્યા છે; તે ગૂઢ, પુરાણપુરુષ પરમાત્માની સાથે સંબંધ બાંધવો, સ્નેહ કરવો, તથા તેમનો સાક્ષાત્કાર અથવા તો અપરોક્ષાનુભવને માટે પ્રયાસ કરવો, એ પરમાત્માનો સમાગમ કરવો, એના જેવો શ્રેયસ્કર સત્સંગ બીજો કોઈ નથી. જીવનના કલ્યાણની કામનાવાળા સાધકે બહારના સત્સંગમાંથી આગળ વધીને છેવટે એ અંદરના સત્સંગમાં પ્રવેશ કરવો જોઈએ. બહારનો સત્સંગ અંદરના એ સર્વોત્તમ સત્સંગ માટેની યોગ્યતા પૂરી પાડવા માટે જ છે. એ અંદરના અલૌકિક સત્સંગમાં સાધક તથા ઈશ્વર બે જ રહે છે અને બેની વચ્ચે જ સંબંધ રહે છે કે સંદેશાવ્યવહાર ચાલે છે. એ દરમ્યાન પ્રાર્થના, જપ કે ધ્યાન ગમે તે થઈ શકે છે.

એક બીજી વાત કહું ? ઘરમાં જો સૌને રુચિ હોય અથવા એવી રુચિ તમે જગાવી શકો તેમ હો, તો સૌ સાથે મળીને દિવસમાં એક કે બે વાર નિર્ધારિત સમયે પ્રાર્થના કરો, અથવા તો રોજ નિ યમિત રીતે અમુક વખત કોઈ સુંદર, પ્રેરક પુસ્તકમાંથી પઠન કરો. ઘરના વાતાવરણને સાત્વિક કરવામાં એવી ટેવ ઘણો અસરકારક ભાગ ભજવશે. દિવસના મોટા ભાગના વખતમાં અવકાશ કાઢીને પણ, મનને જ્યારે જ્યારે અવસર મળે ત્યારે, ચિંતન, મનન તથા નિદિધ્યાસન દ્વારા ઈશ્વરપરાયણ કરવાની કોશિશ કરો તો સંસારને સહેલાઈથી તરી શકશો અને મુક્તિનો એ મંગલ કિનારો મેળવી લેશો; જ્યાં પરમ શાંતિ, પરમાનંદ, પરમાત્મા અને એમની સાથેની એકતા વિના બીજું કાંઈ નહિ હોય. ના, ભૂલેચૂકે પણ નહિ.

બહેનશ્રીના વચનામૃત

- સંકલન વિજય બોટાદરા

● સમ્યગ્દર્શન થતાં જ જીવ ચૈતન્યમહેલનો માલિક થઈ ગયો. તીવ્ર પુરુષાર્થીને મહેલમાંનો અસ્થિરતારૂપ કચરો કાઢતાં ઓછો વખત લાગે, મંદ પુરુષાર્થીને વધારે સખત લાગે; પરંતુ બન્ને વહેલામોડા બધો કચરો કાઢી કેવળજ્ઞાન અવશ્ય પ્રાપ્ત કરશે જ.

પાવનધામમાં રાષ્ટ્રસંત પૂ.શ્રી નમ્રમુનિ મ.સા.ના સાનિધ્યે પીસફુલ લાઈફ માટેની પ્રેક્ટીકલ સમજ તથા રવિવારે યુવા શિબિરનું આયોજન

સ્ટ્રેસ અને ટેન્શનવાળી લાઈફ જીવતાં અને શાંતિ અને સુખચેનની શોધમાં રહેતાં યંગસ્ટર્સને યોગ્ય માર્ગદર્શન અને પીસફુલ લાઈફ માટેના આધ્યાત્મિક સિક્રેટસ્‌ની સમજ આપવા અને તેઓ સ્કૂલ, કોલેજ, ઓફિસ અને વ્યવસાયનો સમય સાચવીને પ્રભુ વાણીનો લાભ લઈ શકે એ લક્ષ સાથે રાષ્ટ્રસંત પૂજ્ય શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ પાવનધામ-કાંદિવલીમાં દરરોજ સવારે ૭:૦૦ થી ૮:૦૦ 'Reason N Vision', કર્મ સિધ્ધાંત અભ્યાસ દ્વારા તમારા સુખ અને દુ:ખનું કારણ કોણ અને શા માટે ? તેના વિશે સુંદર સમજ અને માર્ગદર્શન આપી રહ્યાં છે, જેનો લાભ પ્રત્યક્ષ સેંકડો ભાવિકો અને યંગસ્ટર્સ લઈ રહ્યાં છે, જ્યારે લાઈવ ટેલીકાસ્ટ દ્વારા મુંબઈ, કોલકત્તા, ચેન્નઈ, રોજકોટ, અમદાવાદ આદિ ક્ષેત્રોના હજારો ભાવિકો લાભ લઈ શાંતિ અને પ્રસન્નતાનો અનુભવ કરી રહ્યાં છે. નૌકારશીની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

આ ઉપરાંત ૨૩.૦૭.૨૦૧૭ ના રવિવારે સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ 'React N Respond' - યુવા શિબિરનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં રાષ્ટ્રસંત પૂજ્યશ્રીએ કેવી એક્શન્સ વખતે કેવા રીએક્શન આપવા જોઈએ અને કેવી રીતે રીસ્પોન્ડ કરવું જોઈએ એના સિક્રેટસ્‌ સમજાવશે તથા મનમાં જે પ્રશ્નો હોય તેનું સચોટ સમાધાન આપશે. Reason N Vision અને React N Respond શિબિરમાં જૈન-અજૈન સર્વ લાભ લઈ શકે છે. શિબિર બાદ ગૌતમ પ્રસાદ રાખવામાં આવેલ છે. શિબિરના પાસ અને ફોર્મ પાવનધામ, મહાવીર નગર, B.C.C.I ગ્રાઉન્ડની સામે, કાંદિવલી (વેસ્ટ) થી પ્રાપ્ત થશે એમ અખબારી યાદીમાં જણાવ્યું છે.

અર્ધ સત્ય

બિંદુ મહેતા

વિશ્વના સત્યોને બે ભાગમાં વહેંચી શકાય ધર્મ અને વિજ્ઞાન, સ્થૂળ અને સૂક્ષ્મ દ્રશ્ય, અદ્રશ્ય. આપણને ઉપર છલ્લી અનેક વિવિધતા અને વિરોધાભાસ સત્યો જોવા મળે છે. જેમ જેમ માનવી સૂક્ષ્મ તરફ જતો જાય તેમ તેમ વિવિધતામાંથી એક વિધતા તરફ જાય અને અંતે દેખીતા બધા ભેદો લુપ્ત થઈ જાય છે ત્યારે ધર્મ અને વિજ્ઞાન એક બિંદુ પર ભેગા થાય છે પરંતુ આ સમજવા સુક્ષ્મ નિરિક્ષણ વિશાળ દ્રષ્ટિ અને જ્ઞાન હોવું જરૂરી છે. ધર્મ કર્મના સિધ્ધાંતમાં માને છે. જેવું કર્મ તેવું ફળ કરની તેવી ભરની તમે ભૂતકાળમાં કે અનેક જન્મોમાં કરેલા કર્મના ફળ આ જન્મે કોઈ કર્મને આધીન ઉદયમાં આવે છે અને દરેક ધર્મમાં ક્યાં કાર્યોથી ક્યા કર્મોની નિર્જરા થાય ને ક્યાં કર્મો કેવી રીતે સ્પષ્ટ દર્શાવામાં આવે છે જે વ્યક્તિના વર્તન વ્યવહારમાં ઉદયમાં આવેલા કર્મો દ્રશ્યમાન થાય છે. ઢાક્યા કર્મોની કોઈ ન ખબર હોતી નથી તેથી માનવે વર્તમાનમાં ચેતી સમજીને ચાલવું જોઈએ. વિજ્ઞાન જરા જુદી રીતે સત્ય દર્શાવે છે તે કાર્યકારણના સિધ્ધાંત પર ભાર મુકે છે ભૌતિક કે સામાજિક વિજ્ઞાન એક જ વાત કરે છે કે સમાજમાં આપણ જે કાંઈ જોઈએ છીએ તે બધા પાછળ ચોક્કસ કારણો સંકળાયેલા હોય છે કારણો બદલાય કે દુર થાય તો જરૂર પરિણામો બદલાય કે દુર થાય ધર્મ કર્મ પર ભાર આપે છે. વિજ્ઞાન કારણો પર ભાર આપે છે. એક બાળક જન્મતા બિમાર કે અપંગ હોય છે. વિજ્ઞાન તે માટેના કારણો શોધશે ધર્મ તેની પાછળના કર્મને જવાબદાર ઠેરવશે અનેક જન્મના કર્મ સાથે લઈ જીવ કે મનુષ્ય માત્ર જન્મે છે તેમ તેની સાથે અનેક કારણો પણ હોય છે અને કારણો અનુસાર પરિણામો ભોગવવાના હોય છે. કર્મ અને કારણ બધા દ્રશ્યમાન હોય જ તેવું નથી આપણે જે બધું જોઈ રહ્યા છીએ તે ફળ કે પરિણામ છે વ્યક્તિ જેટલી જ્ઞાનિ તેટલા કારણો તેની પાછળના કર્મ ને જોઈ શકે છે. જેવી રીતે એક મોતીની માળા તુટી જાય અને તમને ખ્યાલ આવશે કે કોઈ માતા આપણને તરત જ દેખાય છે. જ્યારે કોઈ મોતી ક્યાંયનું ક્યાંય ગયુ હોય જે આપણી નજરની બહાર હોય છે. જ્યારે આપણને એવી જગ્યાથી મોતી મળએ જેની આપણને કલ્પના ન હોય અને કોઈ મોતી ન પણ મળે તેવું જ કારણો ને કર્મનું છે. ક્યાં ક્યાં ના કારણો ને કર્મને કારણે આપણને સમાજની અનેક વસ્તુઓ અને ઘટનાઓ બનતી જોવા મળે છે. જે સામાન્ય માણસ છે તે જે જુએ છે તેનું જ અર્થઘટન કરે છે જ્યારે જે વિદ્વાન વ્યક્તિ છે. તે તેની પાછળના કારણો જાણવા પ્રયત્ન કરે છે અને તે બે બાબત વચ્ચેનો સહ સંબંધ સમજી શકે છે. જેટલી સુક્ષ્મ દ્રષ્ટિ જ્ઞાન તેટલું માત્ર વર્તમાન ને જ જોઈ અર્થઘટન ન કરતા પૂર્વા પર સંબંધ સમજી અર્થઘટન કરે છે. જે દ્રશ્યમાન ન હોય તે સમજી શકે છે. વિજ્ઞાનને ધર્મ બન્નેમાં જેમ જેમ સૂક્ષ્મતા તરફ જાવ તેમ તેમ દરેક સ્તર પર તમારા અર્થ ઘટનો બદલાતા જાયે એક સંત કહે છે હું જે કહું છું તેને સંપૂર્ણ સત્ય ક્યારેય નહિ માનતા મારી સમજપ્રમાણે આ બાબત છે કોઈ મારાથી વધારે જ્ઞાનિ હોય તો તે આનાથી વધારે જુદુ પણ કહી શકે. આચાર્ય રજનીશજીને કોઈએ પ્રશ્ન કર્યો કે તમે જુદા જુદા સમય જે કહ્યું તેમાં શું સાચું માનવાનું શ્રી રજનીશજીએ કહ્યું કે હું છેલ્લા જે કહું તેની પર ધ્યાન આપવાનું પૂ.ગાંધીજીએ પણ કાંઈક આવું જ કહ્યું છે.

વિચારોથી ઘટના વસ્તુ બને છે અને તેની વિચારો પર ઘણી અસર થાય છે. વસ્તુ ઘરના કે વિચારી પરસ્પર એક બીજાને પુષ્ટી આપે છે. બિરબલની ચતુરાઈની વાર્તાઓમાં જે ગર્ભિત કારણો તે જાણી શકે છે તે સામાન્ય પ્રજા નથી જાણી શકતી તેથી બિરબલની વાતથી ચકિત થઈ જાય છે.

આપણને રોજબરોજના જીવનમાં જે મનદુ:ખ થ ાય છે. સમસ્યા નડે છે તે બધા પાછળ ઘણું ખરું આપણી નજર સામે જ બને છે. તેને પૂરતું સમજ્યા વગર આપણે પ્રતિક્રિયા કરીએ છીએ, આમ પારસ્પારીક ક્રિયા પ્રતિક્રિયામાંથી સંઘર્ષ જન્મે છે ને મનદુ:ખ થાય છે. આપણે કોઈ પણ વર્તન વ્યવહાર પાછળના કારણને સમજવાનો પ્રયત્ન કરતા નથી અને અર્ધસત્યનો ફેલાવો કરીએ છીએ. આજના સોશ્યલ મીડીયામાં તુરંત જ વાતનો ફેલાવો અને વાતનું વતેસર થતાં વાર લાગતી નથી. પુરુ સમજી યા સાંભળ્યા વગર આપણે જોયેલી ઘટના બાબતનું ચિત્રણ કરીએ છીએ. જે અનેક સમસ્યાનું જન્મ સ્થાન બને છે.

આ વિશ્વમાં આજે જે પણ બને છે તેની પાછળ ગર્ભિત કારણો હોય છે હતે કારણો તરફ બહુજ જૂજ વ્યક્તિનું ધ્યાન જાય છે. ધર્મ અને વિજ્ઞાન પોત પોતાની રીતે કર્મ અને કારણો ને સમજવા પ્રયત્ન કરે છે અને વર્તમાનને સમજી ભવિષ્ય માટેની આગાહી કરી શકે છે. પરંતુ તેમ છતા વર્તમાનમાં અર્ધસત્યનું સમજી લોકો વર્તન વ્યવહાર કરે છે. પૂર્ણ સત્ય તે સામાન્ય માણસની સમજની બહારની વાત છે. તેને માટે આપણે કોઈને દોષિત ન માની શકીએ. જીવ માત્રમાં મર્યાદા છે તેમ મનુષ્યમાં પણ હોય જ તેને સ્વીકારીને ચાલવું રહ્યું.

નારાયણ સેવા મંડળ દ્વારા રત્ન ચિંતામણી સ્કુલમાં કેમ્પનું આયોજન

રત્નચિંતામણી શાળાની ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ માટે નારાયણ સેવા મંડળ દ્વારા સીબીસી અને બ્લડ ગ્રુપીંગ કેમ્પનું મંગળવાર તા.૨૫ જુલાઈનાં આયોજન કરવામાં આવ્યું છે. મંડળ દ્વારા સોહમ લેબ સાથે મળી આ ૭મો પ્રોગ્રામ યોજવામાં આવ્યો છે.

માનવજ્યોત સેવા સંગમ ૨૦૧૭ માનવતાના મશાલચીની ૨૭ વર્ષની સેવાયાત્રાની ઝલક

માનવસેવાને મહેંકાવતા માનવજ્યોત ટ્રસ્ટે સેવા સંગમ ૨૦૧૭ તાજેતરમાં પ્રકાશિત કર્યું છે.

તેમાં સંસ્થાના મુખ્ય સુત્રધારોની સર્વે સેવા પ્રવૃત્તિઓનો નીચોડ છે, તો રેખાચિત્રો દ્વારા સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ અંગે ખ્યાલ આપતી માહિતી છે.

છેલ્લાં ૨૫ વર્ષના હિસાબોના લેખાં જોખાં દર્શાવી પ્રત્યેક વર્ષે થયેલી આવક જાવકના આંકડા અને તોટાડો વધારો વિગેરેનો હિસાબ પણ પ્રકાશિત કર્યો છે.

ઉપરાંત છેલ્લા ૫ વર્ષમાં સંસ્થાના સુત્રધાર શ્રી કુલીનકાંત ચાંપશી લુઠીયા એ ગુજરાત યાત્રા દ્વારા અવારનવાર સંસ્થાના સ્થળે અંતરિયાળમાં જઈ ત્યાંની પ્રવૃત્તિ નિહાળી યોગ્ય અનુદાનના ચેકો એ સંસ્થાઓને આપી તેમને મજબુત આર્થિક પીઠબળ પુરું પાડ્યું છે. તે અંગેની માહિતી સંકલિત કરી છે.

જીવદયા, અન્નક્ષેત્રે, મહિલા ઉત્કર્ષ, વિકલાંગ કલ્યાણ, માનસિક ક્ષતિગ્રસ્તોની સંસ્થાઓ, કન્યા છાત્રાલયો, વૃદ્ધાશ્રમો, કેન્સર કિડની જેવી અનેક સંસ્થાઓને આવરી લેતી સંસ્થાઓને મદદરૂપ અને પુરક બનવાનો ઉલ્લેખનીય પ્રયાસ માનવજ્યોતે કર્યો છે, જે અત્યંત અભિનંદનીય છે.

સંસ્થાની દિલાવર દાતાઓએ દાન રૂપે આપેલી લક્ષ્મીને શ્રી લુઠીયાએ મહાલક્ષ્મી બનાવી છે, તેમ કહીએ તો તેમાં અતિશયોક્તિ નથી.

માનવસેવા એ જ પ્રભુસેવાને લક્ષ્યમાં રાખી આ સેવા સંસ્થાએ તાજેતરમાં જ શ્રી માનવમિત્ર વલ્લભજી ડી.શાહના પ્રયાસો રૂપિયા દોઢ કરોડના ખર્ચ માનસિક અસ્થિર લોકોની સારવાર-સુશ્રુષા અર્થે ભુજ ખાતે તેના શ્રી પ્રબોધભાઈ મુનવર દ્વારા શ્રી રામદેવ સેવાશ્રમનું નિર્માણ કર્યું છે.

સંસ્થાના ભુજ ખાતેના અને કોલકત્તા ખાતેના સેન્ટરો પણ અનેકાનેક માનવલક્ષી પ્રવૃત્તિઓ કરી 'માનવજ્યોત'ના નામને સાર્થક કરે છે અને જ્યોત સે જ્યોત જલાવી અનેકના જીવનમાં રોશની ફેલાવવાનો નક્કર પ્રયાસ સતત ૨૭ વર્ષોખી કરી રહ્યું છે તેમ પ્રમુખશ્રી સુંદરજી મુલજી શાહે એક યાદીમાં જણાવ્યું છે.

રામજી આસર વિદ્યાલયમાં લક્ષ્મીચંદ ગોળવાલા કોલેજના માધ્યમથી 'મહા રક્તદાન શિબીર'નું આયોજન

રામજી આસર વિદ્યાલય સંચાલિત લક્ષ્મીચંદ ગોળવાલા મહાવિદ્યાલયની રાષ્ટ્રીય સેવા યોજનાના માધ્યમથી 'રક્તદાન શિબીર'નું ૧૧-૦૭-૨૦૧૭ના રોજ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રાજાવાડી હૉસ્પિટલના સહયોગથી કાર્યક્રમ પાર પાડવામાં આવ્યો હતો. કુલ ૯૩ વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ શિક્ષકેત્તર કર્મચારીઓએ શિબીરમાં ભાગ લીધો હતો અને રક્તદાન કર્યું હતું.

મધુર મિલન ગ્રુપનો ગુરૂપૂર્ણિમા મહોત્સવ

બ્રાહ્મણ સમાજ હૉલ ઘાટકોપર ખાતે અનિલાબેન મહેતા દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી દર મંગળવારે મહિલાઓને ભજન શીખવાડવામાં આવે છે. વર્ષો પહેલાં ફક્ત બે મહિલાઓને કોઈપણ પ્રકારનાં ચાર્જ લીધા વગર શરૂ થયેલ આ કાર્યમાં આજે ૧૨૦થી વધુ મહિલાઓ ભજન શીખવા માટે આવે છે. આ ગુરૂપૂર્ણિમાનાં ૨૫ વર્ષ પૂર્ણ કરનાર મધુર મિલન ગ્રુપનાં મુખ્યા અનિલાબેન મહેતા પ્રત્યે ગુરૂરૂણ ચૂકવવાનાં ભાવે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીય શાળામાં સોગંદવિધિનો કાર્યક્રમ યોજાયો

શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા - ઘાટકોપર ગુજરાતી માધ્યમ તા.૧૭-૭-૨૦૧૭ના સોમવારે ઝવેરબેન પોપટલાલ સભાગૃહમાં શાળાના કેપ્ટન-વાઈસ કેપ્ટનની સોગંદવિધિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મુખ્ય મહેમાન પદે શાળાના આ કાર્યક્રમનું આયોજન કરનાર શિક્ષિકાબહેનો શ્રીમતી પુષ્પલતાબેન મુળે, શ્રીમતી કલ્પનાબેન પંડયા તથા શ્રીમતી ધરતીબેનની સાથે શાળાના આચાર્યા શ્રીમતી ઉષાબેન પંડયા દ્વારા દીપ પ્રજ્વલન થયું. વિદ્યાર્થીઓને વિવિધ સમિતિની જવાબદારી સોંપવામાં આવી હતી.

સર્વોન્નતિ સોસાયટીની બહેનોની કિટીએ ૨૫ વર્ષ પૂર્ણ કર્યાની ઉજવણી

ઘાટકોપર(વે) કામાલેનમાં આવેલ સર્વોન્નતિની સોસાયટીની બહેનો દ્વારા ચાલતી કીટી પાર્ટીને ૨૫ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે તેમણે વિશેષ ઉજવણી કર્યા ઉપરાંત શરૂઆતના સમયના સંસ્મરણો વાગોડયા હતા. આ કિટી પાર્ટી એક વિશેષ પરિવાર બન્યો છે અને આવું આયોજન દરેક સોસાયટીમાં થવું જોઈએ એમ તેમણે જણાવ્યું હતું.

જોઈએ છે
થાણા થી ઘાટકોપર વિસ્તારમાં
3000 ફુટનો ઈન્ડસ્ટ્રીયલ ગાળો
ભાડા પર જોઈએ છે.
સંપર્ક : 8446679335

પંચગાની હવા ફેર
પ્રકૃતિના સાનિધ્યમાં,
સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં
હવા ફેર કરવા પધારો
શુધ્ધ સાત્વીક ભોજનશાળાની સુવિધા છે.
૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.
રાજલક્ષ્મી આરોગ્યધામ
મુંબઈમાં બુકીંગ માટે સંપર્ક : 08879677709
સંપર્ક માટે સોમવારથી શુક્રવાર બપોરે 1 થી 4

સ્માર્ટ બનો...!
૧૨ વર્ષ સુધી દર વર્ષે રૂા.૧ લાખ બચાવો
મેળવો ટેક્સ ફ્રી રૂા.૧,૭૫,૦૦૦ દર વર્ષે
૧૨ વર્ષ પર્યત, ૧૪માં વર્ષથી ૨૫માં વર્ષ સુધી
આ ઉપરાંત મેચ્યોરિટી પર મેળવો અંદાજીત
રૂા.૪,૫૦,૦૦૦ થી રૂા.૫,૦૦,૦૦૦
અથવા
૧૨ વર્ષ સુધી દર વર્ષે રૂા.૧ લાખ ભરો અને
૨૪માં અને ૨૫માં વર્ષે ૧૬,૫૦,૦૦૦ મેળવો
કુલ 33,00,000 રીટર્ન ટેક્સ ફ્રી.
આ ઉપરાંત રૂા.૧૧ લાખનું લાઈફ કવર
Tax Benefit under Section 80 C and Tax Free Returns u/s 10 (10D) of Income Tax Act.
વધુ વિગત માટે સંપર્ક 8655185667

પરમયાત્રા સેવા (વાહિની)
સ્વજનના મૃતદેહને અગ્નિસંસ્કાર માટે
સ્મશાને લઈ જવા માટે A.C. વેનની નિઃશુલ્ક સુવિધા
સંપર્ક
પારસધામ - અર્હમ યુવા સેવા ગૃપ ઘાટકોપર
9699996672,
25015152, 25015354

જોઈએ છે
ઘાટકોપર (ઈ/વે) અથવા
વિદ્યાવિહારમાં
100 ફુટ જગ્યા ઓફિસ માટે
ભાડેથી જોઈએ છે.
સંપર્ક : 9869038095

ઘાટકોપર ઈસ્ટ - વેસ્ટ

૧,૨,૩,૪
બી.એચ.કે.ના ફ્લેટ
રેડી પઝેશન, વીથ ઓ.સી.,
નવા બિલ્ડીંગમાં

ઘાટકોપર ઈસ્ટ - વેસ્ટ

૧,૨,૩,૪
બી.એચ.કે.ના ફ્લેટ
ભાડા-ડિપોઝીટ
પર મળશે

Manish D. Vora - 98201 44859
Rera Certificate No. A518000000870
Parag D. Vora - 98201 31207
Rera Certificate No. A518000000867
Harsh M. Vora - 99200 34963

MAHAVIR
ESTATE CONSULTANTS

Off. No.110, 1st Floor, Shop Zone, M.G.Road, Near Bank of India, Ghatkopar (West), Mumbai - 400 086.
Tel.: 022-65780678, Email : manishdvora@gmail.com, www.mahavirestateconsultants.com

T.I.M.E.
Triumphant Institute of Management Education Pvt. Ltd.

Nationally Reputed Educational Institute with 240 centres in 114 cities across India is looking for the following positions as part of its aggressive expansion plans.

FACULTY [Quant & Verbal for CAT/CLAT/CET/GMAT®/GRE®/Bank Exams]

Ph.D. / M.A. / B.E. / M.Sc. / MBA with teaching experience preferred.

TEACHER [Maths, Sci., Social Sci., Languages for 7th to 10th std. - CBSE/ICSE/SSC]

Candidates with prior teaching experience preferred

COUNSELLOR

Smart male/female graduates with good communication skills.
Comfortable with working in rational shifts. Exp. & fresher both can apply.

MARKETING EXECUTIVE

Smart male/female graduates with good communication skills & a flair for marketing. Willing to work on the field.

WALK IN INTERVIEW

21st/ 22nd July 2017 (11 am - 4 pm) 8767981233/ 40111346

Selection Process (for faculty) : Written Subject Test, Demo Lecture & Interview

Venue : Office # 2, B Wing, Satyam Shopping Complex, M.G. Road, Ghatkopar (E), Mumbai - 400077

virendra.tiwari@time4education.com

Printed, Published, Owned & Edited by **Jayant Visanji Chheda** and Printed at : **MID DAY Infomedia Limited.**, R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701. and Published from 601, Abhinandan Apt., Sarvodaya Nagar, Mulund (West), Mumbai - 400 080. **TeleFax : 25688297 • E-mail : voiceofghatkopar@gmail.com • RNI : MAHGUJ/2008/28113**